

**ભા**રતના સુપ્રસિધ્ધ ખગોળશાસ્ત્રી, હળવદના ડૉ. જે.જે. રાવલે એમની બાર વર્ષની ઉંમરે જે રોમાંચક બનાવ બન્યો હતો તે કિસ્સો મુંબઇના એમના ખાસ મિત્ર આશુભાઇને સંભળાવ્યો એ વાત જાણવામાં રસપ્રદ રહેશે. ડૉ. જે.જે. રાવલે કહ્યું ''હું હળવદના રાવલફળીમાં આવેલા જોગેશ્વર મહાદેવ મંદિરનો પૂજારી હતો. ત્યારે હું બાર વર્ષનો જ હતો અને ચોથી ચોપડીમાં ભણતો હતો. ચોથા ધોરણથી છેક મેટ્રીક લગી આ જ મંદિરમાં હું પુજારી હતો. આ વાત કરૂં છું. ભગવાન મહાદેવની શિવરાત્રીની મધરાતની. રાત્રે બાર વાગે શિવજીની આરતી ઉતારી - ઉત્થાપન કરીને મારાથી બે વર્ષ મોટા ભાઇ સાથે ઘેર પહોંચ્યો. એ જમાનામાં વીજળી નહોતી. એટલે મંદિરોમાં રાત્રે બધા પેટ્રોમેક્સ બત્તી રાખતા એમના અજવાળે અમે બન્ને ભાઇ ઘેર પહોંચ્યા. દરમિયાન મારો મોટોભાઇ જે ૧૭ વર્ષનો હતો તે હળવદના તળાવને કિનારે આવેલા શરણશ્વર મહાદેવના મંદિરમાં ''વરોણીયાં'' તરીકે કોઇ શેઠીયાએ ૧૧ ભૂદેવોને લઘુરૂદ્ર અભિષેક માટે બોલાવેલા એટલે મારા મોટાભઆઇ ત્યાં હતા. રાતનો દોઢ વાગી ગયો પણ એ આવ્યા નહિ એટલે મારી બાએ આજ્ઞા કરી કે ''તમારી પાસે પેટ્રોમેક્સ છે તો એને અજવાળે તમે બન્ને ભાઇ શરણેશ્વર જઇને ભાઇને લઇ આવો.'' અમને બીક એ લાગતી હતી કે શરણેશ્વર જતાં તળાવના વિસ્તારમાં પ્રવેશ કરીએ એ પહેલાં પોલિસ ચોકી જેવા સ્થળે મોટા ઓટલે ઉગેલા ખખડધજ વડ નીચે રીતસર બે ગોખલા આવેલા છે. એકમાં મેલડી મા અને બાજુના ગોખમાં પીરનું સ્થાન હતું. એટલે હળવદના લોકોમાં વર્ષોથી માન્યતા જડ થઇ ગયેલી કે પીરદાદાની આ જગ્યાએ ભૂત થાય છે અને મધરાતે જ નીકળે છે. અમારો તો બાની આજ્ઞા થતાં રાત્રે મોટાભાઇને લેવા ઠંડીમાં ઠૂંઠવાતા બે વાગે જવાનું હોઇ ડરતા હતા. પરંતુ બાનો હૂકમ એટલે પેટ્રોમેક્સ બત્તી સળગાવીને અમે બન્ને ભાઇઓ શરણશ્વર મંદિરે જવા નીકળ્યા. મધરાતનો સમય હળવદમાં તો કેટલાય અવગતિયા ભૂતોનાં ઠેકાણા આવે. ઠંડી કહે મારૂં કામ અને ડરતાં ડરતાં અમે બેય ભાઇ ચાલવા તો માંડ્યા પણ જ્યાં પીરની જગ્યા આવી કે અમારા હાથમાં રહેલી પેટ્રોમેક્સની બત્તી ગૂલ! બીકથી ફફડતા અમે ઘેર પાછા આવ્યા. તો અમારી બાએ ઉધડો લીધો ''કેમ પાછા આવ્યા? ભાઇને કેમ લેતા આવ્યા નહિ?'' જાવ ફરીવાર. પેટ્રોમેક્સ સળગાવીને. રાતનો દોઢ વાગી ચૂક્યો હતો. મધરાત સૂમસામ હતી. અમે બીજી વાર પીરની જગ્યાએથી પસાર થતાં જ પેટ્રોમેક્સની બત્તી હોલવાઇ ગઇ અને અમે ધ્રૂજી ગયા. ઘેર ગયા તો બાએ કહ્યું, હું જ તમારી સાથે આવું છું. મોટા દીકરાને તો લેવા જવું જ પડે. બા સાથે અમે ત્રીજી વાર રાતના બે વાગ્યે ભાઇને લેવા નીકળ્યા. પરંતુ જેવા અમે પીરની વડવાળી જગ્યાએ પહોંચતાં જ અમારી બત્તી ઓલવાઇ ગઇ. એકદમ અંધારૂ. છતાં અમે મોટાભાઇને લેવા શરણેશ્વર પહોંચ્યા ત્યારે ત્યાં બધાએ કહ્યું આવી ઘોર અંધારી રાતે બત્તી વગર તમે કેવી રીતે આવ્યા? આવવાની જરૂર ન હતી. અમે મંદિરમાં જ રાત ગાળવાના હતા. છેવટે મોટાભાઇને લઇને ત્રણ ભાઇ અને બા એમ ચેરાય જણા પેટ્રોમેક્સ સળગાવીને ઘેર જવા નીકળ્યા. પીરની જગ્યા આવી પણ પેટ્રોમેક્સની બત્તી બૂઝાઇ ગઇ નહિ. જે.જે. રાલવનું દિમાગ વૈજ્ઞાનિક જેવું હોવાથી એમણે તારણ શોધી કાઢ્યું કે પીરની જગ્યાથી ૮૦ ફૂટ દૂર સામેની ગલીમાંથી સૂસવાટા કરતો પવન આવતો એની પ્રચંડ હવાથી બત્તી બૂઝાઇ જતી હતી. એટલે કોઇ પણ શંકા રાખ્યા વગર ગભરાયા વિના લોકવાયકા સાચી માની લેવી નહિ.

**(ફોટો સ્ટોરી : ઝવેરીલાલ મહેતા)**

# રસનો રાજા શૃંગાર રસ



**શૃં**ગાર રસ અથવા તો પ્રેમરસ એ દિવ્ય રસ ગણાય છે. આપણા પ્રાચીન ગ્રંથોમાં પણ આ રસના જુદા જુદા વિશેષ ગુણધર્મોનો ઉલ્લેખ કરાયો છે.

પ્રાચીન ગ્રંથોમાં આપણા સુજ્ઞ ગ્રંથકારો કહે છે કે :

'ધર્મથી અર્થની પ્રાપ્તિ થાય છે, અર્થથી કામની પ્રાપ્તિ થાય છે, કામથી સુખનું ફળ પ્રાપ્ત થાય છે અને છેવટે મોક્ષની ગતિ થાય છે.'

પરંતુ ફળ કરતા તેનું મૂળ શ્રેષ્ઠ ગણાયું છે આથી સુખ કરતા કામ શ્રેષ્ઠ છે, કામ કરતા વધુ શ્રેષ્ઠ અર્થ છે અને અર્થ કરતા મહત્તમ શ્રેષ્ઠ ધર્મ છ જે સ્વયં મહાન છે.

રાજા ભર્તૃહરિએ શ્રૃંગાર રસને ભાવથી ભજ્યો છે. રસિકતા જેના જીવનમાં ભારોભાર ભરી હતી તેવા શૃંગાર શતકના પાંચમા શ્લોકમાં રાજા ભર્તુહરિ ષોડશી સુંદરીનું વર્ણન કરતા કહે છે કે :

'ચંદ્રના જેવું સુંદર મુખ
કમળ જેવા બે નયન
સુવર્ણ જેવો રંગ- કંચન કાયા
મધુકરોથી પણ વિશેષ કાળો કેશકલપ
મધુર કંઠ- હસ્તીના ગંડસ્થળથી પણ
ઊંચા બે સુંદર ઉરોજ'-

આ બધા લક્ષણો જેમાં આત્મસાત છે તે અન્ય પુરુષને પોતાના મોહપાશમાં જકડી લે તેમાં શી નવાઈ !

આ સાથે રાજા માનસિક સંયમનું પણ એટલું જ મહત્ત્વ દર્શાવે છે.

'સુંદર અને વિશાળ આંખોવાળી યુવાનીના ગર્વથી અત્યંત પોષાયેલા સ્તનોવાળી, ક્ષીણ પેટના મધ્ય ભાગ પર ત્રિવલીથી શોભતી સ્ત્રીના આકારને જોઈને પણ જે પુરુષનું મન ચલિત થઈને વિકાર પામતું નથી તે ધન્ય છે.'

વિલાસથી વૈરાગ્ય સુધી અને વ્યક્તિમાંથી વિભૂતિ સુધી પહોંચેલા આ વિદ્વાન રાજાએ શૃંગારશતક, નીતિશતક, વૈરાગ્ય અને વિજ્ઞાન શતક સુધીની સફર માત્ર નિજાનંદ માટે જ નહીં પણ સંસ્કૃત સાહિત્યને પોતાની અપ્રતિમ બુદ્ધિમત્તાથી શણગારવા માટે કરી છે.

શૃંગારરસના સામ્રાજ્યની સીમાઓ સીમિત નથી. તેનો વ્યાપ સમગ્ર વિશ્વના વિશાળ ફલક પર વિસ્તરેલો છે આથી તે બધા રસોનો રાજા છે.

સમગ્ર સૃષ્ટિ આ નવ રસના રસપાન કરવામાં ડૂબેલી છે આ રસો છે :

શૃંગાર, હાસ્ય, કરૂણ, રૌદ્ર, વીર, ભયાનક, બિભત્સ અને અદ્ભુત તથા શાંત રસ.

રસના રાજા શૃંગારરસને સિરતાજ બનાવી કવિઓએ શૃંગાર રસની છોળો ઉડાડી છે :

'ઊંચી ગોરી ઉજળી,
જળ ભરવાને જાય
કાંટો વાગ્યો પ્રેમનો,
ઇ ઉભી ઝોકા ખાય
પાન ખાઈએ કેવડી
અને માંય કાથાનો રંગ
ગોરી વખાણું પાતળી
જેના વાળ્યા વળે અંગ'
ઉગમણા વા વાય તો આથમણી નમે
આથમણા વા વાય તો ઉગમણી નમે
ઓતરાદા વા વાય તો દખણાદિ નમે
ને દખણાદા વા વાય કો ઓતરાદિ નમે
ને ચારે દિશાના વા વાય તો
ભાંગીને ભૂક્કો થઈ જાય.

## કવિ જયદેવની અમર કૃતિ ગીત ગોવિંદમાંથી પણ આપણને શૃંગાર રસની ઝલક જોવા મળે છે

શૃંગાર રસનો અમૃતકુંભ શોધવો પડે એમ નથી. તે તો આપણા સાહિત્યમાં ઠેર ઠેર સ્વયંભૂ ઝરણાની જેમ વહે છે. આપણા સંસ્કૃત કવિ જયદેવની અમર કૃતિ ગીત ગોવિંદમાંથી પણ આપણને શૃંગાર રસની ઝલક જોવા મળે છે.

ઉત્સવ ઘેલા માનવીઓએ પણ શૃંગાર રસના છોગાઓને ફરકાવ્યા છે. જાગરણની રાત હોય કે જન્માષ્ટમીનો તહેવાર, નવરાત્રિની રંગતાળી હોય કે હોળીના ફાગ હોય આ બધા જ પ્રસંગોએ રૂપ અને

|| અનુસંધાન ૭મા પાને ▶









# ઊંટડીનું દૂધ કેન્સર ને ડાયાબિટિસ મટાડી શકે ?

**ઘરઆંગણે દૂધના ભાવમાં એકાદ બે રૂપિયા વધે ત્યારે આમ આદમી ઉશ્કેરાઇ જાય છે. પરંતુ આરબ દેશોમાં અને યૂરોપ અમેરિકામાં સાડા ત્રણસોથી ચારસો રૂપિયે લિટરના ભાવે વેચાતા ઊંટડીના દૂધમાં એક કરતાં વધુ દુઃસાધ્ય રોગોને ભગાડવાની તાકાત છે એવું લેટેસ્ટ તબીબી સંશોધકો કહે છે. ઊંટડીના દૂધમાં રહેલા રોગ-નાશક તત્ત્વો વિશે કેટલીક રસપ્રદ વાતો**

**ટોપ્સીટર્વી**
**અજિત પોપટ**

**એ**ક યા બીજા બહાને સ્થાનિક ડેરીઓ દૂધના ભાવમાં વધારો કરે ત્યારે કોમન મેન રાડ પાડી ઊઠે છે. દૂધના ભાવ વધે એટલે કરોડો લોકોની માનીતી 'ચાદેવી'નો કપ મોંઘો થઇ જાય. પરંતુ તમે એ જાણીને ચોંકી ઊઠશો કે રાષ્ટ્રીય યા આંતરરાષ્ટ્રીય દૂધ બજારમાં સૌથી વધુ મોંઘું દૂધ ઊંટડીનું હોય છે. રાષ્ટ્રપતિ મહાત્મા ગાંધીજી બકરીનું દૂધ પીતા. પરંતુ લેટેસ્ટ તબીબી સંશોધકો કહે છે કે ગાય, ભેંસ કે બકરી કરતાં ઊંટડીના દૂધમાં વધુ પોષક અને આરોગ્યદાયક તત્ત્વો છે. આ સંશોધકો હાલ જે દિશામાં કામ કરી રહ્યા છે એ વિશે પ્રગટ થયેલી થોડીઘણી માહિતી મુજબ ઊંટડીના દૂધમાં ડાયાબિટિસમાં અચૂક રાહત આપતાં તત્ત્વો છે, કેન્સર મટાડવાની ઔષધિય શક્તિ છે, ઓટિઝમ જેવા રોગમાં રાહત આપવાની અને આજના પ્રદૂષિત સમયમાં રોગપ્રતિકાર શક્તિ વધારવાની પણ જબ્બર શક્તિ છે. કદાચ એટલેજ દૂધ બજારમાં ઊંટડીનું દૂધ સૌથી મોંઘું વેચાય છે. છતાં એની માગ દિવસે દિવસે વધતી જાય છે.

ગયા સપ્તાહે ગુજરાત સમાચારમાં ઊંટ વિશે રસપ્રદ સમાચાર પ્રગટ થયા હતા. કચ્છના ખરાઇ જાતિના ઊંટને રાષ્ટ્રીય કક્ષાએ માન્યતા મળવાને લગતા એ સમાચાર હતા. ગુજરાતમાં કેટલાક ભરવાડ-રબારી, સોની અને લોહાણા પરિવારના કૂળદેવી ગણાતાં મોમાઇ માતા (બીજું નામ દશામા)નું વાહન ઊંટ છે. આ સમાજના કેટલાક લોકો પોતાના ટુ વ્હીલર કે ફોર વ્હીલરની પાછળ 'રાયકો' લખે છે. કોણ હતો આ રાયકો? છેક મહાભારતના કાળથી ઊંટ કે સાંઢિયાનું અનેરું મહત્ત્વ સ્વીકારાયું છે. ઉત્તરાનો સંદેશો અભિમન્યુને મોકલવા માટે રાયકાને સાંઢિયા પર મોકલાય છે. ખેર, આપણે અહીં ઊંટડીના દૂધની વાત કરવી છે. સામાન્ય રીતે ડાયાબિટિસના પેશન્ટોને ઈંજેક્શન દ્વારા કે બીજી રીતે ઈન્સ્યૂલીન આપવામાં આવે છે. લેટેસ્ટ સંશોધન કરતા વિજ્ઞાનીઓ કહે છે કે ઊંટડીના દૂધમાં સૌથી વધુ કુદરતી ઈન્સ્યૂલીન હોય છે એટલે પેશન્ટની રોજિંદી જરૂરિયાત સંતોષાઇ શકે છે. ઊંટડીનું દૂધ હોય છે પણ ઘટ્ટ. ખાસું જાડું હોય. પરંતુ એમાં કોલેસ્ટોરેલ ઓછું હોય. છેક ૨૦૦૫માં 'હફીંગ્ટન પોસ્ટ' નામના અખબારે રાજસ્થાનના બિકાનેર વિસ્તારનો એક



સાચો બનેલો કેસ પ્રગટ કર્યો હતો જેમાં ડાયાબિટિસના પેશન્ટને ઊંટડીના દૂધથી રાહત થઇ હોવાનો ઉલ્લેખ હતો. ઘણા વિદેશી લેખકોએ ઊંટડીના દૂધમાં રહેલા માનવ ઉપયોગી તબીબી સત્ત્વો વિશે દળદાર પુસ્તકો પણ લખ્યાં છે.

એ જ રીતે 'ઈન્ટરનેશનલ જર્નલ ઑફ હ્યુમન ડેવલપમેન્ટ'ના ૨૦૦૫ના અંકમાં ઊંટડીના દૂધના સેવનથી ઓટિઝમના કેસમાં સચોટ પરિણામ મળ્યાનો અહેવાલ પ્રગટ થયો હતો. ૪૦ દિવસ આ દૂધ લેનારી બાળાના ઓટિઝમનાં લક્ષણો નહીંવત્ થઇ ગયા હોવાનું આ અહેવાલમાં જણાવાયું હતું. જો કે ત્યાર પછી તો વિજ્ઞાને ઘણી પ્રગતિ સાધી લીધી. બોલિવૂડના મિસ્ટર પરફેક્ટ ગણાતા આમિર ખાનની ફિલ્મ 'તારે ઝમીં પર' માં ઓટિઝમનો ભોગ બનેલા બાળકની વાત અસરકારક રીતે વણી લેવાઇ હતી. ઓટિઝમનાં તબીબી કારણો, લક્ષણો અને સારવારની વાત અહીં લંબાવવી નથી એટલે ટૂંકમાં કહ્યું કે ઊંટનું દૂધ આ રોગમાં રાહત આપે છે.



આજે જ્યારે હવામાં કાર્બન મોનોક્સાઇડ જેવા ઝેરી વાયુઓ વધી ગયા હોય, પાણી પ્રદૂષિત હોય અને અનાજ તેમ જ શાકભાજી કે ફળોમાં હાનિકારક ભેળસેળ હોય ત્યારે શહેરી નાગરિકોની રોગ પ્રતિકાર શક્તિ ઘટી જાય એ સ્વાભાવિક છે. પરંતુ આ દિશામાં સંશોધન કરનારા વિજ્ઞાનીઓ કહે છે કે ઊંટડીના દૂધમાં રોગપ્રતિકાર શક્તિ વધારવાની અને પુરુષની પ્રજનન શક્તિ ટકાવી રાખવાની અનેરી શક્તિ છે. રાજસ્થાનમાં ઘણા ૭૦-૭૫ વર્ષનાં સ્ત્રી-પુરુષ માતાપિતા બન્યાના સમાચાર અવારનવાર પ્રગટ થતાં રહે છે. એનું કારણ પણ ઊંટડીનું દૂધ છે. ઊંટડીના દૂધમાં પોટેશિયમ, મેગ્નેશિયમ, લોહ, ઈન્સ્યૂલીન અને બીજાં

|| અનુસંધાન ૭મા પાને ▶

# ઇધર-ઉધર

- વિક્રમ વકીલ

## મોદી ઈફેક્ટને કારણે દિલ્હીના બાબૂઓની જીંદગી બદલાઇ ગઇ!


**ન**રેન્દ્ર મોદી દિલ્હીમાં ગાદીનશીન થયાં એ પહેલાંની સરકારો વખતે દિલ્હીનાં સરકારી બાબુઓ પર કામનું ખાસ પ્રેશર રહેતુ ન હોતું. કામના દિવસોએ પણ ઓફિસમાંથી સમય કાઢી દિલ્હીની ગોલ્ફ કલબમાં



જઇ થોડા કલાક ગોલ્ફ રમવાનો સમય તેઓ કાઢી લેતાં. બપોરનાં લંચ સમયે વોડકાનાં બે-ત્રણ પેગ મારવા એ સામાન્ય વાત ગણાતી. મોટાભાગના પ્રધાનો બપોરે ૩-૩૦ સુધીમાં ઘર ભેગા થઇ જતાં. એટલે બાબુઓ પણ ઈચ્છા થાય ત્યારે ઘર તરફ પ્રયાણ કરતાં. મોદીનાં આવ્યા પછી હવે એમની જીવનશૈલી બદલાઇ ગઇ છે. સવારે ૯ વાગે તેમણે ઓફિસ આવી જવું પડે છે. કામના દિવસે તો ઠીક રજાના દિવસે પણ ગોલ્ફ કલબમાં જવાના હોશ રહેતા નથી. દિલ્હીના કેટલાક બ્યુરોક્રેટ્સ તો ગુજરાતનાં એમના સાથીદારોની સલાહ લઇ રહ્યા છે કે આવું થોડા દિવસો જ ચાલશે કે કાયમ માટે? એમને જવાબ મળી રહ્યો છે. 'બહુ આરામની નોકરી કરી. હવે પરસેવો પાડવા તૈયાર રહેજો.'

## નહેરૂ અને ગાંધીજી, ટાગોર, હિટલર... જેવાઓમાં અનેરો ફરક

**ગા**ધીજી, ટાગોર, વિનોબા, શ્રી અરવિંદ, જિન્નાહ અને હિટલરમાં સામાન શું છે? એમણે પોતાનાં પુસ્તકોનો કોપીરાઇટ સંસ્થાઓને આપ્યો છે, પોતાના કુટુમ્બીજનોને આપ્યો નથી! જવાહરલાલ નહેરુએ



એમના પુસ્તકોની રોયલ્ટી અને કોપીરાઇટ એમના કુટુમ્બને આપી દીધો હતો, અને આજે પણ નહેરુનાં પુસ્તકોની રોયલ્ટી દેશને નહીં પણ એમનાં પૌત્રપૌત્રીઓને જ મળે. માટે જ કદાચ નહેરૂના વિલ પર પ્રતિક્રિયા આપતાં ડૉ.રામમનોહર લોહિયાએ કહ્યું હતું કે નહેરૂએ એમની સંપત્તિ એમના કુટુમ્બને આપી દીધી અને રાખ દેશને આપી..! નહેરૂનાં બધાં પુસ્તકોના કોપીરાઇટ પુત્રી ઇંદરા ગાંધીને આપવામાં આવ્યા હતા. ઇંદિરાજીએ મે ૪, ૧૯૮૧ના એમના વિલમાં સ્પષ્ટ સૂચનાઓ આપી છે : 'જવાહરલાલ નહેરૂનાં સંકલનો' પુસ્તકનો કોપીરાઇટ સંજયના પુત્ર ફિરોઝ વરુણ ગાંધીને આપું છું. મારાં પુસ્તકો (ઇંદિરાજીએ કંઇ લખ્યું નથી, સરકારી સંકલનો છે)ના બધા જ અધિકારો રાહુલ ગાંધીને આપું છું. જવાહરલાલ નહેરૂનાં બધાં જ પુસ્તકોના કોપીરાઇટ હું પ્રિયંકા ગાંધીને આપું છું. મારા બધા જ ખાનગી પત્રો રાહુલ ગાંધીને મળશે. મારી બધી જ વ્યક્તિગત વસ્તુઓ રાહુલ અને પ્રિયંકાને મળશે.

## સમોસા નહીં ઢોકળા : મિસિસ મનમોહનસિંહ

**ભૂ**તપૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયી મિટિંગ દરમિયાન સમોસા અને કચોરી ખાવાના



શોખીન હતા. ભૂતપૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહનું ભોજન સાદુ રહેતું. મોટેભાગે તેઓ શાકાહારી ભોજન પસંદ કરતાં. તેમના ખોરાક પર પત્ની ગુરુશરણ કૌરની ખાસ નજર રહેતી. એમને જ્યારે ખબર પડી કે મિટિંગ દરમિયાન ક્યારેક મનમોહનસિંહ સમોસા ખાઇ લે છે ત્યારે એમણે સ્ટાફને ખાસ સૂચના આપી કે સમોસાને બદલે મનમોહનસિંહને ઢોકળા પીરસવા!

## યુનિવર્સલ સ્ટુડિયોની શરૂઆત કઇ રીતે થઇ?


**અ**મેરિકાના લોસએન્જલસમાં આવેલા યુનિવર્સલ સ્ટુડિયોની શરૂઆત ૧૯૧૫માં થયેલી. કાર્લ લેમેલ નામના માણસે અહીં એકદમ નાના પાયે આ સ્ટુડિયો શરૂ કરેલો. કાર્લની આવડતને કારણે સ્ટુડિયો ઝડપભેર વિકસ્યો અને લોકપ્રિય બન્યો. સ્ટુડિયોની વધતી જતી લોકપ્રિયતામાંથી પૈસા પેદા કરવા માટે કાલે સ્ટુડિયોને પર્યટકો માટે ખુલ્લો મૂક્યો. લોકો શૂટિંગ જોવાનો આનંદ લૂંટવા માટે હોંશેહોંશે સ્ટુડિયો જોવા આવવા



લાગ્યા એ જમાનામાં મૂંગી ફિલ્મો બનતી હોવાને કારણે શૂટિંગ ચાલુ હોય ત્યારે આસપાસમાં લોકો અવાજ કરતા હોય તો પણ વાંધો ન હોતો. હા, કળાકારો ડિસ્ટર્બ થતા, છતાં પર્યટકોનો અવાજ રેકોર્ડિંગમાં નડતો ન હોવાથી શૂટિંગ જોવાની લોકોને છૂટ આપવા બાબતે કાર્લ મક્કમ રહ્યો. પણ બોલતી ફિલ્મો શરૂ થયા બાદ શૂટિંગ વખતે પર્યટકોની હાજરી મોટું નડતર બનવા લાગી એટલે છેવટે સ્ટુડિયોને પર્યટકો માટે બંધ કરી દેવામાં આવ્યો. એ પછી ૧૯૬૪માં તેને ફરી લોકો માટે ખુલ્લો મૂકવામાં આવ્યો. એવું નક્કી થયું કે શૂટિંગ ચાલુ હોય ત્યાં પર્યટકોને ન જવા દેવા, પરંતુ સ્ટુડિયોની અંદર ઊભા કરાયેલા આઉટડોર સેટ્સ દેખાડીને તેમને વિદાય આપવી. દર વર્ષે સરેરાશ ૩૯,૦૦૦ લોકો તેની મુલાકાત લેતા. આજે લગભગ એટલા જ મુલાકાતીઓ રોજ અહીં આવે છે.

## ગાંધીજીએ કઇ રીતે ભારત સિવાય બીજા ઘણા દેશોનું ભાવિ પણ બદલ્યું!

**જ**ર્મનીના સ્ટુટગાર્ટ શહેરના બુર્ગોલઝોફ વિસ્તારમાં એક માર્ગનું નામ મહાત્મા ગાંધી માર્ગ રાખવામાં આવ્યું છે. વીસમી સદીના વિશ્વના મહાન વિપ્લાવક ચે ગુવેરાની પુત્રી એલેઇડાગુવેરા કહ્યું કે (મારા પિતા) છે પર મહાત્મા ગાંધીજી જબરદસ્ત અસર હતી. ઇઝરાયલના સ્થાપક અને રાષ્ટ્રપિતા ડેવિડ બેન-ગુરિયોનું ઘર દક્ષિણ ઇઝરાયલના નેગેવ રેગિસ્તાનમાં કિબુત્ઝ સ્દેહ બોકર પ્રદેશમાં આજે પણ યથાતથ રાખ્યું છે અને એમાં બેન-ગુરિયોએ લટકાવેલો ગાંધીજીનો ફોટો આજે પણ એમ જ છે. ન્યુયોર્કમાં સ્ટેચ્યુ ઓફ લિબર્ટીની અંદર જે વાક્યો લખ્યાં છે એમાં એક વાક્ય મોહનદાસ કે. ગાંધીનું છે. મેક્સિકોના ખેતમજૂરોનો નેતા સિઝારે કહેતો હતો કે એના આંદોલનની પ્રેરણા ગાંધીજી હતા. ગાંધીજીની હત્યા થઇ ત્યારે શ્રેષ્ઠ કવિતા બ્રાઝિલની એક પોર્ટુગીઝ ક્વિયત્રીએ પોર્ટુગીઝ ભાષામાં



લખી હતી. ફિલીપન્સના વિરોધ નેતા નીનોય એકવીનોએ 'ગાંધી' ફિલ્મ જોઇ અને ગાંધીજીમાંથી પ્રેરણા ગાંધીજી હતા. ગાંધીજીની હત્યા થઇ ત્યારે શ્રેષ્ઠ કવિતા બ્રાઝિલની એક પોર્ટુગીઝ ભાષામાં લખી હતી. ફિલીપન્સના વિરોધનેતા નીનોય એકવીને 'ગાંધી' ફિલ્મ જોઇ અને ગાંધીમાંથી પ્રેરણા લઇને ફિલીપીન્સ પાછા ફરવાનો નિર્ણય કર્યો. મનિલાના એરપોર્ટ પર માર્કોસના હત્યારાઓએ એકવીનોનું ખૂન કર્યું, ફિલીપીન્સમાં બળવો થઇ ગયો, માર્કોસ દેશનિકાલ થઇને વિદેશમાં મર્યો, અને નીનોય એકવીનોની વિધવા કોરી એકવીનો દેશની રાષ્ટ્રપતિ થઇ. ગાંધીજીએ ફિલીપીન્સના ઇતિહાસનું ચક્ર ફેરવી નાખ્યું.

## મધર મેરી સૌમ્ય હતાં કે મજબૂત? વિવાદ આજે પણ ચાલુ છે

**મ**ધર મેરી સૌમ્ય હતાં કે પછી પોતાના હક્ક બાબતે સજાગ એવાં મક્કમ નારી હતાં એ વાતે આજે પણ ખ્રિસ્તીઓમાં મોટો વિખવાદ ચાલે છે. એક ફાંટો



એવો છે જે માને છે મધર મેરીમાં સમર્પણની ભાવના બહુ બળવત્તર હતી. એટલે જ જ્યારે ગેબ્રિયેલ નામના દેવદૂતે તેમને પૂછ્યું કે, 'બોલ, બોલ, તું ઈશ્વરના પુત્રને જન્મ આપવામાં સાથ આપીશ?' ત્યારે મેરીએ કહ્યું : 'હા.' આ 'હા'ને આધારે અમુક લોકો એવી દલીલ કરે છે કે મેરી ઈશ્વર પ્રત્યે એટલી સમર્પિત હતી કે તેણે ઈશ્વરની ઈચ્છા એ જ પોતાની ઈચ્છા એવો ભાવ દેખાડ્યો. પણ આ જ સંવાદને ઘણા લોકો મેરીના મજબૂત વ્યક્તિત્વની સાબિતી ગણાવે છે. એવા લોકોની દલીલ એ છે કે ખુદ ઈશ્વર પણ પોતાની ઈચ્છા મેરી પર થોપી ન શક્યો. તેણે મેરીની પરવાનગી મેળવવા માટે દેવદૂત ગેબ્રિયેલને મોકલવો પડ્યો. જો મેરીએ ના પાડી દીધી હોત તો ઈશ્વરે માનવ ઉદ્ધારની આખી યોજના જુદી રીતે ઘડવી પડી હોત. મતલબ કે આખી વાતનો આધાર મેરીની ઈચ્છા પર હતો, ઈશ્વરની ઈચ્છા પર નહીં.

## અમેરિકામાં ન્યુક્લીઅર ઈરરેડીએશન દ્વારા અનાજ જંતુમુક્ત કરવાની પરવાનગી સરકાર આપે છે


**અ**મેરિકામાં (માંસ)માંનાં ઝેરી જંતુઓનો નાશ કરવા માટે તેને ન્યુક્લીઅર રેડીએશનમાંથી પસાર કરવા માટેની સરકારે મંજૂરી આપી છે. અણુકિરણો



દ્વારા બેબી બોટલ-નિપલ, કોસ્મેટિક્સ, બેન્ડેજીસ, ટેમ્પોન્સ, કોન્ટેક્ટ લેન્સ માટેનું પ્રવાહી, જ્યુસ, દૂધની બોટલો અને દારૂની બોટલોનાં ઢાંકણાં જંતુરહિત કરવામાં આવે છે. ન્યુક્લીઅર ઈરેડીએશન દ્વારા શાકાભાજી અને અનાજ પણ જંતુમુક્ત કરવાની પરવાનગી સરકારે આપી છે, પણ વેપારીઓ તેનો ઉપયોગ કરતા નથી. આ રીતે ટ્રીટ કરેલા ખાદ્ય પદાર્થોથી ખાનારને રેડીએશન (વિકિરણોની અસર) લાગતું નથી.

## કુર્ગ એટલે 'સ્કોટલેન્ડ ઓફ ઈન્ડિયા'

**ઊં**ચાં તોતિંગ સાગનાં વૃક્ષો, સીસમ અને ચંદનનાં વૃક્ષો, નીલગિરિ અને લીલાકાચ ઘાટીલા વાંસનાં વૃક્ષોથી



ઘેરાયેલી પર્વતમાળા વચ્ચેના માર્ગ પરથી મોટરમાર્ગે કુર્ગ પહોંચવું એ પ્રવાસની મજા માણવાની એક ઉત્તમ રીત છે. રસ્તામાં ક્યાંક સ્વૈરવિહાર કરતા હાથી જોવા મળી જાય. આ પર્વતીય પ્રદેશે બ્રિટિશરોને મોહી લીધા હતા અને બ્રિટિશરોએ આ વિસ્તાર પર ૧૦૦ વરસ આધિપત્ય ભોગવ્યું હતું. કુર્ગને તેમણે 'સ્કોટલેન્ડ ઓફ ઈન્ડિયા' એવું નામ આપ્યું હતું. અંગ્રેજોએ અહીં કોફી ઉગાડી અને આજે ભારતમાં સૌથી વધુ કોફીનું ઉત્પાદન કુર્ગમાં થાય છે.

## મકાન ન વેચાતું હોય તો ભૂવાની મદદ લેતાં અમેરિકનો

**અ**મુક મકાનો વેચાતાં ન હોય તો તેમાં ભૂત કે પલીત પેસી ગયું છે અથવા કોઇ દુષ્ટ આત્મા પ્રવેશી ગયો છે એવું અનેક અમેરિકનો માને છે અને તેનું નિવારણ મૂળ અમેરિકન (રેડ-ઈન્ડિયન્સ) પ્રજાના ભૂવાભરાડી પાસે કરાવે છે. આવાં ભૂવાઓ અને ભૂવણો આપણા ફકીરોની માફક પક્ષીનાં પીછાં વડે મકાનમાં ધુમાડો ફેલાવે છે અને મકાનને બધા દોષોમાંથી મુક્ત



કરે છે. કોઇ મકાન ખરીદનારને મકાનમાં જૂના ભાડૂતનો કે માલિકના આત્મા રહી ગયો છે એવું લાગે તો કલાક દીઠ ૨૦૦ ડોલર ફી આપીને ન્યુયોર્કની પ્રોફેશનલ ભૂવણને તેડી લાવે છે અને ઘરને અપશુકનિયાળ વાઇબ્રેશન્સથી મુક્ત કરાવે છે.